# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

**********************************************************

1) અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ગઈકાલ સુધીમાં 19 DNA મેચ થયા.

2) નાગરિક ઉડ્ડયન મહાનિદેશાલયે 34 બોઇંગ-787 વિમાનોનું વિસ્તૃત નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાની પાંચ દિવસની મુલાકાતે.

4) સ્વચ્છ અને ટકાઉ વિકાસમાં પવન ઊર્જાની શક્તિની ઉજવણી કરવા માટે આજે વૈશ્વિક પવન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.

5) ઈઝરાયેલ અને ઈરાને તેમના ઘાતક મિસાઇલ હુમલાઓને વધુ તીવ્ર કર્યાઃ અમેરિકા અને ઈરાન વચ્ચે આજે યોજાનાર પરમાણુ વાટાઘાટો રદ.

6) ગુજરાત સહિતનાં અનેક રાજ્યોમાં આજે વરસાદની હવામાન વિભાગની આગાહી

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AHMEDABAD PLANE CRASH

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ડીએનએ મેચિંગની પ્રક્રિયા ચાલી રહી છે અને વિમાન દુર્ઘટનાના પીડિતોની ઓળખ કરવામાં આવી રહી છે. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે ગઈકાલે રાત્રે 9 વાગ્યા સુધી 19 ડીએનએ મેચ થયા છે. ફોરેન્સિક ટીમોએ વધુ ડીએનએ નમૂનાઓ મેચ કરવા માટે સમગ્ર રાત્રિ દરમિયાન કામગીરી કરી હતી.

ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી-FSLની ત્રણ ટીમ દ્વારા ડીએનએ સેમ્પલ એનાલીસીસની કામગીરી ચાલી રહી છે. અત્યાર સુધીમાં મૃતકોનાં 248 સગાં-સંબંધીઓના લોહીનાં નમૂના લેવામાં આવ્યાં છે. જ્યારે વધુ 11 મૃતદેહોની ઓળખ કરવામાં આવી છે તેમાંથી 9 મૃતદેહો સુપરત કરવામાં આવ્યાં છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે અકસ્માતના ભોગ બનેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રુપાણીની અંતિમ વિધિ રાજકોટ ખાતે કરવામાં આવશે. અંતિમ વિધિની તારીખ ડીએનએ પરીક્ષણના પરિણામ પર આધારિત છે.

દરમિયાન, સિવિલ હોસ્પિટલમાં મૃતકોના પરિવારોની સુવિધા માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે દરેક પીડિતો માટે એક અલગ ટીમ ફાળવવામાં આવી છે અને મફત એમ્બ્યુલન્સ પણ પૂરી પાડવામાં આવી રહી છે.

# NAYDU AHMEDABAD PLAN CRASH

નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે, નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલયે ભારતીય વિમાન કાફલામાં 34 બોઇંગ 787 વિમાનોનું વિસ્તૃત નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. આમાંથી આઠ વિમાનોનું તાત્કાલિક નિરીક્ષણ કરવામાં આવ્યું છે. ગઇકાલે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ઘટનાની તપાસ માટે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી રહી છે. ગૃહ સચિવ આ સમિતિના અધ્યક્ષ રહેશે.

# PM VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સાયપ્રસ, કેનેડા અને ક્રોએશિયાની પાંચ દિવસની મુલાકાતે જશે. સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સના આમંત્રણ પર તે આજે સાયપ્રસની સત્તાવાર મુલાકાત લેશે. નિકોસિયામાં પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ ક્રિસ્ટોડોલિડ્સ સાથે વાતચીત કરશે અને લિમાસોલમાં વેપારી અગ્રણીઓને સંબોધન કરશે.

આ મુલાકાત દ્વીપક્ષીય સંબંધોને ગાઢ બનાવવા અને ભૂમધ્ય પ્રદેશ અને યુરોપિયન સંઘ સાથે ભારતના જોડાણને મજબૂત કરવા માટે બંને દેશોની સહિયારી પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરશે.

# AXIOM-4

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લાને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક ISS લઈ જતા બહુપ્રતિક્ષિત એક્સિઓમ-4 મિશનને 19 જૂન પર ફરી એક વાર મુલત્વી રાખવામાં આવ્યું છે. મિશનમાં વિલંબ માટે જવાબદાર ટેકનિકલ સમસ્યાઓનાં સફળ ઉકેલ બાદ આ જાહેરાત કરાઈ હતી. આ મિશનને બે મુખ્ય તકનીકી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો જેના પર સાવચેતીપૂર્વક ધ્યાન આપવામાં આવ્યું.

ઈસરો, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સ વચ્ચે ફોલો-ઓન સંકલન બેઠક દરમિયાન, પુષ્ટિ થઈ હતી કે ફાલ્કન નવ પ્રક્ષેપણ વાહનમાં જોવા મળેલા પ્રવાહી ઓક્સિજન લીકેજ સમસ્યાનો સફળતાપૂર્વક ઉકેલ લાવવામાં આવ્યો છે.

આ મિશન ભારત માટે ખૂબ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. જો અભિયાન સફળ થાય તો શુભાંશુ શુક્લા 1984માં આઇએસએસની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય અવકાશયાત્રી અને ભ્રમણકક્ષામાં જનાર બીજા ભારતીય બનશે.

# WORLD ELDER ABUSE

આજે વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર અંગેનો જાગૃતિ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસ વિશ્વભરના સમુદાયોને વૃદ્ધોનો દુર્વ્યવહાર અને ઉપેક્ષાને અસર કરતી સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને વસ્તી વિષયક પ્રક્રિયાઓ વિશે જાગૃતિ લાવીને વૃદ્ધ વ્યક્તિઓના દુર્વ્યવહાર અને ઉપેક્ષાની વધુ સારી સમજણને પ્રોત્સાહન આપવાની તક પૂરી પાડે છે.

**આ વર્ષની થીમ છે- "લાંબા ગાળાની સંભાળ સુવિધાઓમાં વૃદ્ધ લોકોના દુરૂપયોગને માહિતી અને કાર્યવાહી દ્વારા સંબોધિત કરવોઃ". ભારતમાં સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય પણ આ દિવસની ઉજવણી કરી રહ્યું છે.**

**#AgeingWithDignity નો ઉપયોગ સોશિયલ મીડિયા પર સામગ્રી શેર કરવા માટે કરવામાં આવી રહ્યો છે. જો તમને અથવા તમારા પરિચિત વ્યક્તિને મદદની જરૂર હોય તો ટોલ-ફ્રી "એલ્ડર લાઇન" હેલ્પલાઈન નંબર-14567 પર કૉલ કરો.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GLOBAL WIND DAY

સ્વચ્છ અને ટકાઉ વિકાસમાં પવન ઊર્જાની શક્તિની ઉજવણી કરવા માટે આજે વૈશ્વિક પવન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ભારતમાં નવી અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય માર્ચ 2025 સુધીમાં 50 ગીગાવોટ પવન ઊર્જા હાંસલ કરવામાં ભારતની સફળતાને પ્રકાશિત કરવા માટે આજે સવારે 9 વાગ્યાથી બેંગલુરુમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ કાર્યક્રમ ગ્રામીણ વિકાસ, હરિયાળી નોકરીઓ અને આબોહવા સ્થિતિસ્થાપકતામાં પવન ઊર્જાની ભૂમિકાને પણ પ્રકાશિત કરશે. કેન્દ્રીય નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોશી, રાજ્યમંત્રી શ્રીપદ યેસો નાઇક અને સચિવ સંતોષ કુમાર સારંગી આ કાર્યક્રમને સંબોધિત કરશે.

# IRAN ISRAEL WAR

ઈઝરાયેલ અને ઈરાને તેમના ઘાતક મિસાઇલ હુમલાઓને વધુ તીવ્ર કર્યા છે. ઈરાની પ્રક્ષેપાસ્ત્રોએ ઈઝરાયેલના મુખ્ય શહેરોને નિશાન બનાવ્યા છે, જ્યારે ઈઝરાયેલી દળોએ ગઈકાલે તેહરાનમાં લશ્કરી મથકો પર એક સાથે નવા હુમલા કર્યા હતા. આ નાટકીય અથડામણે મધ્ય પૂર્વમાં ભારે અશાંતિ પેદા કરી છે અને સમગ્ર પ્રદેશ જોખમી સ્થિતિમાં મૂકાઈ ગયો છે.

દરમિયાન, અમેરિકા અને ઈરાન વચ્ચે આજે મસ્કતમાં યોજાનારી છઠ્ઠા તબક્કાની પરમાણુ વાટાઘાટો રદ કરવામાં આવી છે. મધ્યસ્થી તરીકે કામ કરી રહેલ ઓમાને ઈરાન સામે ઇઝરાયેલના વ્યાપક હવાઈ હુમલા બાદ મંત્રણા રદ કરવાની જાહેરાત કરી હતી.

# KAILASH MANSAROVAR YATRA SIKKIM

કૈલાશ માનસરોવર યાત્રા માટે 35 તીર્થયાત્રીની પ્રથમ ટૂકડી આજે સિક્કિમના ગંગટોક પહોંચશે. સિક્કિમ સરકારે તેમના સ્વાગત માટે તમામ વ્યવસ્થા કરી છે. કૈલાશ માનસરોવર યાત્રા પાંચ વર્ષનાં ગાળા પછી આ મહિનાની 20મી તારીખે શરૂ થવા જઈ રહી છે.

તેઓ વાતાવરણ સાથે અનુકુલન સાધવા ફિફ્ટિન્થ માઈલ અને શેરથાંગ ખાતે ચાર દિવસ રહેશે. આ સમયગાળા દરમિયાન વરિષ્ઠ સંરક્ષણ અને સરકારી અધિકારીઓ તેમને માહિતી આપશે. 20મી જૂને મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ નાથુ લા ખાતે યાત્રાને લીલી ઝંડી બતાવશે.

પર્યટન અને નાગરિક ઉડ્ડયન વિભાગના અધિક મુખ્ય સચિવ સી એસ રાવે આકાશવાણી સાથેની વાતચીતમાં જણાવ્યું કે, તીર્થયાત્રીઓને તમામ તબીબી અને અન્ય જરૂરિયાતો મળશે. તેમણે કહ્યું કે આ પ્રક્રિયામાં વિવિધ રાજ્ય અને કેન્દ્ર સરકારની સંસ્થાઓને સામેલ કરવામાં આવી રહી છે. દરેક ટૂકડીને યાત્રા પૂર્ણ કરવામાં 11 થી 12 દિવસ લાગશે. આ વર્ષે કુલ 10 બેચ નાથુ લા થઈને કૈલાશ માનસરોવર યાત્રા માટે જશે.

# DELHI – RAIN

આજે વહેલી સવારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વાવાઝોડાં સાથે ભારે વરસાદ પડ્યો હતો. વરસાદને કારણે દિલ્હીમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થવાથી લોકોને ગરમીમાંથી રાહત મળી છે.

ભારે પવન અને વરસાદથી વહેલી સવારે શહેરનાં કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને વાહનવ્યવહાર ખોરવાઈ ગયો છે.

હવામાન વિભાગે આજે ગુજરાત, વિદર્ભ, છત્તીસગઢ અને ઓડિશાના કેટલાક ભાગોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વધુ પ્રગતિ માટે અનુકૂળ પરિસ્થિતિઓની પણ આગાહી કરી છે. આગામી બે દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને બિહારના કેટલાક ભાગોમાં પણ આવી જ સ્થિતિ રહેશે

# ASIAN GYMNASTICS CHAMPIONSHIPS

ભારતની પ્રણતિ નાયકે ગઈકાલે દક્ષિણ કોરિયાના જેચિઓનમાં યોજાયેલી એશિયન આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક્સ ચેમ્પિયનશિપ 2025માં મહિલાઓની વૉલ્ટ સ્પર્ધામાં કાંસ્યચંદ્રક જીત્યો હતો. પ્રણતિ નાયકે તેના પ્રથમ પ્રયાસમાં 13.666 નો સ્કોર મેળવ્યો હતો, પરંતુ ફાઇનલમાં બીજા પ્રયાસમાં 12.866 સાથે નીચેના ક્રમે સરકી ગયા હતા.

અગાઉ ઉલાનબટાર (2019) અને દોહા (2022) માં મહિલાઓની વૉલ્ટ પોડિયમ પર ઉતર્યા બાદ એશિયન જિમ્નેસ્ટિક્સ ચેમ્પિયનશિપમાં પ્રણતિ નાયકનો આ ત્રીજો કાંસ્યચંદ્રક હતો.

# HOCKEY

હોકીમાં, ભારતીય જુનિયર મહિલા ટીમે બેલ્જિયમના કોન્ટિચ ખાતે યુરોપ પ્રવાસની પાંચમાંથી ચોથી મેચમાં ઓસ્ટ્રેલિયા સામે 2-1 થી જીત સાથે યુરોપના પ્રવાસમાં તેની અજેય દોડ ચાલુ રાખી હતી.

# ISRO - UP ROCKET LAUNCH

ઉત્તર પ્રદેશમાં ઇસરોએ ગઈકાલે કુશીનગરમાં રોકેટ લોન્ચિંગ પરીક્ષણ સફળતાપૂર્વક હાથ ધર્યું છે. ઉત્તરપ્રદેશની ધરતી પરથી રોકેટ દ્વારા પ્રથમ વખત પેલોડ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષણ ઓક્ટોબર-નવેમ્બરમાં લગભગ 900 યુવાનો દ્વારા નિર્મિત ઉપગ્રહોનાં પરીક્ષણનાં ભાગ રૂપે હતું. થ્રસ્ટ ટેક ઇન્ડિયા લિમિટેડનાં સહયોગથી આ પરિક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

1) આજનાં તમામ અખબારોમાં ઇઝરાયેલ-ઇરાન યુધ્ધ, અમદાવાદ વિમાન દુર્ઘટના, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આજથી ત્રણ દેશોનો પ્રવાસ જેવા સમાચારોને પ્રથમ પાને રેખાંકિત કરવામાં આવ્યા છે.

2) સંદેશની હેડલાઇન છે- અમદાવાદ વિમાન દુર્ઘટનામાં સરકારે તપાસ માટે ઉચ્ચ કક્ષાની સમિતિ રચી

3) ગુજરાત સમાચાર હેડલાઇનમાં જણાવે છે- હવે ઇરાનનો વારો- ઇઝરાયેલનો કચ્ચરઘાણ કાઢ્યો

4) નવગુજરાત સમયનું શિર્ષક છે- ઇરાનની ઓઇલ રિફાઇનરી પર ઇઝરાયેલ ત્રાટક્યું

5) દિવ્યભાસ્કરની હેડલાઇન છે- નીટ યુજીમાં સાત વર્ષમાં પહેલી વાર કોઇ વિદ્યાર્થી 700 માર્ક્સને સ્પર્શી શક્યા નહીં